ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૫-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

રાહુલ પર પસ્તાળ

કોંગ્રેસના યુવરાજ તરીકે વગોવાઈ ગયેલા અવ્વલકુંવારા રાહુલ ગાંધી ઘણાં લાંબા સમય સુધી અવઢવમાં રહ્યા પછી અંતે ૨૦૧૪ની ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ સંભાળવા તૈયાર થયા ત્યારે યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધીએ હાશ અનુભવી હશે, પરંતુ અભણ હીરાબા દામોદરદાસ મોદી જેવાં એ ભાગ્યશાળી ન નીવડ્યાં. વારંવાર કુર્તાની બાંયો ચઢાવી વીરતાનું પ્રદર્શન કરતા રાહુલ નરેન્દ્ર મોદી સામે અક્ષરશઃ 'પપ્પુ' જ સાબિત થયા. કોંગ્રેસ પાસે રાહુલથી વધુ રૂપાળો ચહેરો દેશ સમક્ષ મૂકવાલાયક હતો ખરો - પરંતુ પ્રિયંકાની પોતાની આગવી મુશ્કેલીઓ ઉપરાંત સોનિયા ગાંધીનો પુત્રપ્રેમ - પક્ષપાત પણ નડતો હોઈ એમને ફક્ત ભાઈ અને માતાની બેઠકો સાચવી રાખવાની જવાબદારી સોંપાઈ હતી, જેમાં એમને પ્રતિકૂળ સંજોગોમાં પણ સફળતા સાંપડી. રાહુલની બાંધી મૂઠીનો ભ્રમ ઊઘડી ગયો અને કોંગ્રેસના ટોચના નેતાઓની લઈ પાયાના ગ્રાસરૂટ વર્કર સુધી તમામને આ દીવામાં દિવેલ નથી એની પ્રતીતિ થઈ ગઈ છે. દેખીતું છે કે બધું દાબડદીબડ રાખવાની 'મભમ' નીતિ આવડી આવડી મોટી પાર્ટીમાં લાંબો વખત ચાલી શકે તેમ નહોતી. અહમદ પટેલે સરકાર અને પાર્ટી - તમામને હાર માટે સરખી રીતે જવાબદાર ગણાવી મા-દીકરીનો આડકતરો બચાવ કરવાનો પ્રયાસ કર્યો. વર્કિંગ કમિટીમાં હારની જવાબદારી સ્વીકારી સોનિયા અને રાહુલે રાજીનામાં આપવાની રજૂઆત પણ કરી પરંતુ એ બધું કેવળ ઔપચારિક કર્મકાંડની જેમ ચાલ્યું અને અંતે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. પરંતુ રાહુલ ટોળકીના યુવાન નેતાઓને આ કારમી હાર અસહ્ય લાગી રહી છે. ક્યાં તો એ ઊજળા સપનાં નિહાળવા હતા અને ક્યાં મોદી-સુનામીમાં અંધકારમાં ગરક થઈ જવાના દિવસો આવ્યા! મુરલી દેવડા છેક ઈન્દિરા યુગથી મુંબઈના કોંગ્રેસી નેતા તરીકે છવાયેલા રહ્યા હતા. એમના સુપુત્ર મિલિંદ દેવડાની ઊગતી કારકિર્દી પર મોદી-સુનામીનું ગ્રહણ લાગી જતાં એ હચમચી ગયાં છે. એમણે હાર માટે રાહુલના સલાહકારોને જવાબદાર ઠેરવ્યા છે અને આડકતરી રીતે આવા ઊભડક ટેકનોક્રેટોની સલાહ અનુસરવા બદલ ખુદ રાહુલ સામે નિશાન તાક્યું છે. મિલિંદ દેવડા રાહુલ બ્રિગેડના સભ્ય રહ્યા છે, એમને પોતાની હાર ચચરે તે સ્વાભાવિક છે. પ્રિયા દત્તે પણ મિલિંદના સૂરમાં સૂર પુરાવ્યો છે અને સત્યવ્રત ચતુર્વેદી જેવા પ્રબુદ્ધ સિનિયર કોંગ્રેસ અગ્રણીએ પણ એને બહાલી આપી છે. હકીકતમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનાં નંબર-ટુ ગણાતા ગુજરાતી નેતા પ્રફુલ્લ પટેલે પણ હારનું વિશ્લેષણ કરતાં મનમોહનસિંહની નબળાઈનું કારણ આગળ ધર્યું છે. અનેક સ્તરેથી કોંગ્રેસની નેતાગીરી ઉપર હુમલા થવા લાગ્યા છે. જો સરકાર મોંઘવારીનો પ્રશ્ન હલ કરી શકી હોત અને ભ્રષ્ટાચાર પર નિયંત્રણ લાદી શકી હોત તો મોદી ગમે તેટલું જોર લગાવત છતાં દેશમાં એમને આવડો અઢળક આવકાર ન મળ્યો હોત. ખરી વાત તો એ છે કે લોકોએ પાર્ટી કરતાં વડાપ્રધાનના ઉમેદવારને મત આપવાનું પસંદ કર્યું હતું. એ રીતે જોતા મોદી જ સૌથી ચડિયાતા લાગતા હતા એટલું તો ખુદ રાહુલ અને સોનિયા કે મુલાયમ પણ સ્વીકારે. મોદી પાસે ગુજરાતનું વિકાસ મોડલ હતું, હિંદુત્વના મહાનાયકનું વણલખ્યું પ્રમાણપત્ર હતું અને અત્યાર સુધી ધીમી ગતિએ, મંદ અવાજે જે નીચી મૂંડીએ 'ફિસ્કલ ડેફિસિટ' અને ફુગાવાનું અર્થશાસ્ત્ર અંગ્રેજીમાં ચર્ચતા મનમોહન અને ચિદંબરમ્‌ની સરખામણીએ આરોહ-અવરોહ વાળી શૌર્યવંતી હિન્દી જબાનમાં પ્રભાવશાળી રજૂઆતની ક્ષમતા હતી. સોનિયા-રાહુલને કોઈની લખી આપેલી સ્ક્રિપ્ટ વાંચવી કે વાગોળવી પડતી હતી, એની સામે મોદી મેદની સાથે આંખમાં આંખ મિલાવીને રજૂઆત કરી શકતા હતા અને પડદા પાછળની સોનિયા-રાહુલની-મા દીકરાની સરકારની ફિરલી લઈ શકતા હતા. સોનિયા ગાંધીમાં કે રાહુલમાં મોદીની કક્ષાનો ભાષાવૈભવ નથી કે નથી એવી લોકપ્રિયતા. એ સંજોગોમાં કોંગ્રેસનું ભવિષ્ય એમના નેતૃત્વ હેઠળ વધુ ને વધુ ધૂંધળું બનવાની સંભાવના નકારી શકાતી નથી.

સે-૨૨માં રમતોત્સવ-આનંદોત્સવ ૨૦૧૪ યોજાયો

શ્રેયસ સોસાયટી તથા ઈશ્વરકૃપા સોસાયટીના ભૂલકાંઓથી લઈને વડીલો પણ રમતોમાં જોડાયા : ૬૦ વિજેતાઓને ટ્રોફી આપી નવાજવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની સંસ્થા એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૨માં આવેલ શ્રેયસ સોસાયટી અને ઈશ્વરકૃપા સોસાયટીના પરિવારો માટે રમતોત્સવ-આનંદોત્સવ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવ-આનંદોત્સવ ૨૦૧૪ના આયોજનનો હેતુ ઉનાળુ વેકેશનમાં બાળકો અને વડીલો સહભાગી બની રમતોની સાથે આનંદ પણ માણી શકે તેવી શુભભાવનાથી પ્રેરિત હતા. આ ઉત્સવ તા. ૧૦મી મે થી ૨૧મી મે દરમિયાન દરરોજ રાત્રે ૯ થી ૧૧ વાગ્યા સુધી સે-૨૨ના બગીચામાં યોજવામાં આવ્યો હતો.

આ રમતોત્સવમાં પાંચ વર્ષથી ઉપરના બાળકો સહિત વડીલોનો સમાવેશ કરાયો હતો અને એક અઠવાડિયા સુધી અનુભવી કોચ દ્વારા જુદી જુદી રમતોની પધ્ધતિસરની ટ્રેઈનીંગ પણ આપવામાં આવી હતી. આ રમતોમાં બેડમિન્ટન, સંગીત ખુરશી, લીંબુ ચમચી, ત્રિપગી દોડ, ફુગ્ગા દોડ, રસ્સા ખેંચ તેમજ દોડનો સમાવેશ થાય છે. દરેક રમત માટે ગ્રુપ પાડી હરિફાઈ પણ યોજવામાં આવી હતી અને પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબરે આવેલા ૬૦ વિજેતાઓને એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ વતી સુંદર ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી.

આ હરિફાઈમાં વિજેતા બનેલા ૫ થી ૧૦ વર્ષ અને ૧૧ થી ૧૫ વર્ષના વય જુથના ખેલાડીઓને શ્રીમતિ લાસુબેન સુભાષભાઈ પરમાર તથા રંગોલી બ્યુટી પાર્લર વાળા નીતાબેન કમલેશભાઈ પટેલ તરફથી પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. સંસ્થા તરફથી તમામ કોચ અને નિર્ણાયકોનું અભિવાદન કરી સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં બંને સોસાયટીના રહીશોએ ઉમંગ અને ઉત્સાહથી ભાગ લીધો હતો.

હરિની દૃષ્ટિ...

સાહેબ, આ 'ક્રીટલી' જેવી તેવી નથી આણે 'ઈટલી'ને હરાવી છે !!

સે-૬ના મહિલા મંડળે પી.એમ. અને સી.એમ.ને શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતની ધરતી પર જન્મ લેનાર સપૂત નરેન્દ્રભાઈ દેશના વડાપ્રધાન બની દેશની ધૂરા સંભાળનાર છે તેમજ રાજયના પ્રથમ મુખ્યમંત્રી બની સમગ્ર ગુજરાત અને ગુજરાતની મહિલાઓને જેમના માટે આદર છે તેવા આનંદીબેન પટેલને ગાંધીનગરની સૌરભ મહિલા મંડળ અને સેકટર-૬ મીરા ભજન મંડળની બહેનોએ બંને મહાનુભાવોની આગેવાનીમાં દેશ અને રાજય ખુબ જ વિકાસ કરે તેવી અંતરની શુભેચ્છાઓ પાઠવી છે. મંડળના ઈન્દુમતીબેન નિમાવત અને પ્રફુલ્લાબેન ભાવસારે કોટી કોટી વંદન કરી આનંદની લાગણી વ્યકત કરી છે.

ધો. ૧૨ની બોર્ડની પરીક્ષામાં આર.જી. કન્યા શાળાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૮.૩૬ ટકા આવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સે. ૨૩ ખાતે આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી કેમ્પસમાં આવેલ શ્રીમતી આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલનું ધોરણ-૧૨નું વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૯૮.૩૬ ટકા આવ્યું છે. આ શાળામાંથી કુલ ૧૨૨ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૨૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

આ પરિણામમાં ગ્રુપ-બી માં કુ. ધર્મિકા બી. રાઠવાએ ૯૭.૭૮ ટકા પર્સન્ટાઈલ સાથે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. ત્યારબાદ કુ. આરતી ડી. દેસાઈએ ૯૪.૧૩ ટકા અને કુ. અસ્મિતા જે. પરમારે ૯૩.૨૭ ટકા સાથે અનુક્રમે દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવ્યું હતું. જ્યારે ગ્રુપ-એ માં કુ. દિવ્યા એન. મોરીએ ૮૭.૯૬ ટકા, કુ. મયુરી આર. સોપાંતરે ૮૪.૬૫ ટકા અને કુ. જલ્પા ડી. ઝાલા ૭૯.૯૫ ટકા સાથે અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાને ઉત્તીર્ણ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે છાત્રાલયમાં રહેલી વિદ્યાર્થિનીઓમાં કુલ ૭૩માંથી ૭૨ વિદ્યાર્થીનીઓ બોર્ડની પરીક્ષામાં પાસ થઈ હતી.

વસંત કુંવરબા કન્યા વિદ્યાલયમાં ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના આદ્ય સ્થાપકશ્રી સ્વ. શ્રી નટવરસિંહજી સોલંકીની પુણ્યતિથિ નિમિત્તે શાળામાં ભજન તથા આધ્યાત્મિક ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો હતો. સેકટર-૨૮ના રામધૂન મંડળના ભકતો તેમજ શ્રી બોરા ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી દક્ષાબેન શુકલએ ક્ષત્રિય સમાજના વીર એવા સ્વ. શ્રી નટવરસિંહજી બાપુના કાર્યોની માહિતી આપી હતી. હિનાબેન શુકલે રામાયણની ચોપાઈ ગાઈને સમજુતી આપી હતી. શ્રધ્ધાંજલિ અર્પવા મૌન પાળવામાં આવેલ હતું.

સે-૨૧ જીમખાના ખાતે અન્ડર-૧૪ ક્રિકેટ ખેલાડીઓ માટે પસંદગી કેમ્પ

ગાંધીનગર, તા.૨૪

રાજયના ક્રિકેટ રમતા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ મેળવી રાજયનું ગૌરવ વધારે તે માટે ગુજરાત ક્રિકેટ એસોસીએશન દ્વારા રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામન્ટ અન્ડર-૧૪નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા જિલ્લાના અન્ડર-૧૪ ખેલાડીઓ માટે પસંદગી કેમ્પ રાખવામાં આવ્યો છે. તા. ૨૫ મે રવિવારના રોજ સે-૨૧માં આવેલ સચિવાલય જીમખાના ખાતે સવારે ૭.૩૦ વાગે પસંદગી કેમ્પ યોજાશે. આ સ્પર્ધામાં પસંદગી પામવા ઈચ્છુક અન્ડર-૧૪ ખેલાડીઓએ જન્મના પ્રમાણપત્ર સાથે ઉપરોકત સ્થળે સમયસર ઉપસ્થિત રહેવા સેકેટરી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

ગુજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય બંધ થતા વાચકો ભારે પરેશાન

અમદાવાદ, તા.૨૪

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ સ્થિત ગ્રંથાલય વિભાગમાં એક મહિના સુધી પુસ્તકોનું સ્ટોક લેવાનું કામ ચાલુ હોવાથી વાચકો હાલાકી ભોગવી રહ્યા છે. વિદ્યાપીઠનો ગ્રંથાલય વિભાગ ૧૫ મે થી ૧૬ જૂન સુધી બંધ રહેવાનો છે. ઘણાં વાચકો વિદ્યાપીઠના સભ્ય બન્યા છે પરંતુ ગ્રંથાલય વિભાગ એક મહિના સુધી બંધ રહેશે એવી ખાસ જાણકારી અમુક સભ્યપદોને ન હોવાથી તેઓ રોજ ધક્કા ખાઈ રહ્યા છે.

વાત એમ છે કે ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય વિભાગમાં પુસ્તકોનું સ્ટોક લેવાનું હોવાથી વિભાગ દ્વારા ગ્રંથાલયને એક મહિના સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. ગ્રંથાલય વિભાગ ૧૫ મે થી બંધ થયો હતો અને ૧૬ જૂન સુધી બંધ રહેશે. ૧૭મી જૂનથી ગ્રંથાલય વિભાગ રાબેતા મુજબ ચાલુ થઈ જશે. ગ્રંથાલય વિભાગમાં જુદા-જુદા વિષયોની અસંખ્ય પુસ્તકો, સંદર્ભો, કોપીરાઈટ પુસ્તકોનો ખજાનો છે. મોટી સંખ્યામાં વાચકો, વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, રિસર્ચરો, મુલાકાતીઓ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. પરંતુ સળંગ એક મહિના સુધી વિભાગ બંધ રહેતા વાચકો હેરાન પરેશાન થઈ ગાય છે. ગ્રંથાલયમાં એવા પણ લોકો આવે છે જેમના ઘરે કે વિસ્તારમાં વાંચવાની કોઈ સુવિધા નથી. તેથી હાલ તેઓ સુવિધાથી વંચિત હોવાથી હાલાકી ભોગવી રહ્યા છે. હાલ ફક્ત ગ્રંથાલયનો વાંચનાલય વિભાગ ચાલુ છે પરંતુ વાચકોનો ઘસારો એટલો છે કે ઘણા વાચકોને વાંચવા અર્થે જગ્યા જ નથી મળતી. શહેરના ઘણા વાચકો દૂર દૂરથી વાંચવા અર્થે આવે છે. પરંતુ તેઓને વાંચનાલયમાં જગ્યા ન મળતી હોવાથી ઉપરાંત ગ્રંથાલય વિભાગ પણ બંધ હોવાથી તેઓને હાલાકી ભોગવવી પડી રહી છે અને વાચકોને હજી ૨૦ દિવસ સુધી હાલાકી ભોગવવી પડશે.

વસંતકુંવરબા બાલભવનના બાળકોએ સમર કેમ્પમાં ભાગ લીધો

બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સ્થિત વી.એન. બાલભવન તેમજ નડિયાદ સ્થિત એન.કે. બાલભવનના બાળકો દાદરાનગર હવેલી સેલવાસ ખાતે યોજાયેલ સમર કેમ્પમાં ભાગ લીધો હતો. વી.એન. સોલંકી બાલભવનમાંથી દક્ષાબેન શુકલ, વણોલ લેમ્સી, સથવારા દીપાલી, ડામોર નિલમ, રાણા મેઘના, વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેવા ગયેલ. નડિયાદ બાલ ભવનમાંથી ઉષાબેન શુકલ તેમજ ગોહીલ ઈશા, જૈનરીપ વાઘેલા, વર્ષા પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. ચેરમેન શ્રી જિતેન્દ્રસિંહજી સોલંકીએ અભિનંદન પાઠવ્યા છે.

શપથવિધી - ૧૨૫ કરોડની આશાઓ, સ્વમાન, સાર્વભૌમત્વ, વિકાસ અને વિશ્વાસની !!

આવતીકાલે રાષ્ટ્રપતિભવનના અશોકા હોલમાં સાંજના છ ના ટકોરે નરેન્દ્ર મોદી ભારતના વડાધાનપદના શપથ લેશે એ સાથે જ સોમવાર ને ૨૬મી મેં નો દિવસ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ જશે. સુવર્ણ અક્ષરે એટલા માટે કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કદાચ આ પહેલી એવી સરકાર હશે જેના પર જનતા ઉમ્મીદભરી નજરે જોઈ રહી છે. જેના એક એક પગલા, નિર્ણયો કે નીતિઓ પર આખાયે દેશની નજર સદાયે મંડાયેલી રહેશે. અને એનું કારણ પણ છે. કેમકે લગભગ આખાયે દેશે એકમત થઈને પોતાની સરકાર બનાવી છે. છેલ્લા ત્રણ દાયકાઓમાં કોઈ એક જ પક્ષને મળેલી આ સૌથી વધુ બેઠકો છે. સૌથી વધુ અને સજ્જડ બહુમતની સાથે સાથે લોકોએ સમજી વિચારીને વિદાય કરી દીધેલા સત્તાધારી પક્ષને પણ કદ માણે વેતરી નાખીને નવી સરકારને કામ કરવાની પૂરી આઝાદી આપેલ છે. કદાચ છેલ્લા થોડા વર્ષોમાં એવું પહેલી વાર બન્યું છે કે ભારતના બહુધા મતદારો એ એક જ દિશામાં વિચાર્યું હોય. કેમકે છેલ્લા ત્રીસેક વર્ષોથી વિખરાયેલા જનમત ના દર્શન જ આપણને મતપેટીઓમાં થતા રહ્યા છે અને એના તાપે ક્યા તો ઉચ્ચકજીવવાળી સરકારો અથવા તો કોઈ પણ નિર્ણય લેવા અક્ષમ અને ફક્ત ગાદી બચાવવાની વેતરણ કરતી સરકારો જ બનતી રહી છે, મળતી રહી છે.

ત્રણેક મહિનાથી શરુ થયેલ અને છેલ્લા દોઢેક મહિના પૂરવેગમાં ચાલેલ ચુંટણી ચારની પરાકાષ્ઠા પરિણામો સ્વરૂપે મળી ચૂકેલ છે . રાજકીય ગતિવિધિઓ અને વિરોધ-બચાવની મોસમ પૂરી થઈ ગઈ છે . ભાજપને સત્તામાં લાવવાનો અને કોન્ગ્રેસ્સને હટાવવાનો જાનો સંકલ્પ નવી સરકારના ગઠન સાથે હાલપૂરતો વિરામ પામેલ છે હવે ધીરે ધીરે વિજયનો ઉન્માદ ઓછો થતો જશે અને શરુ થશે જાની અપેક્ષાનું ભારત નિર્માણ કરવાનું કાર્ય. ધોમધખતા તાપમાં પણ ૭૦ અને ૮૦-૮૫ જેવું મતદાન કરીને વી ધ પીપલે આપણી ફરજ પૂરી કરી દીધી છે હવે શરુ થશે નવી સરકારની જાઓની અપેક્ષાઓ પૂરી કરવાની કસરત . વિદાય લેતી સરકાર ત્યે કે એના કામકાજ ત્યેના ગુસ્સાનો પડઘો મતપેટીઓ દ્વારા લોકોએ પાડી દીધેલો છે ત્યારે લોકોએ મુકેલા વિશ્વાસ, આશાઓ ને પરિપૂર્ણ કરવાની જવાબદારી નરેન્દ્ર મોદીની નવી સરકાર પર આવે છે અને ચોક્કસપણે જનતાએ ભાજપ / એનડીએ ને આપેલા ખોબેધોબે મત પાછળની લોકોની મહેચ્છાઓ , આકાંક્ષાઓ થી નરેન્દ્ર મોદી અને બીજા આગેવાનો ભલીભાંતી પરિચિત છે જ એમ કહી શકાય.

છેલ્લા દસેક વર્ષોના યુપીએ શાશનમાં અને વિશેષ કરીને છેલ્લા ચારેક વર્ષોમાં વહીવટીતંત્ર સંપૂર્ણપણે ભાંગી ગયું હતું એ નેતાઓની સાથે સાથે આમ જનતાએ પણ મહેસુસ કર્યું છે. આર્થિક અનિયમિતતા અને એ અનિયમિતતાને રોકવાની યુપીએ સરકારની ઉદાસીનતા કે ઉણપના કડવા પરિણામો જનતાએ ભોગવ્યા છે . ચુંટણી ચારમાં નરેન્દ્ર મોદીએ ઉચ્ચારેલા ‘અરાજકતાનો માહોલઁ’ આખાયે દેશમાં ફરી વળેલ છે. કદાચ મોદી સરકારનું સૌથી પહેલું કામ એ જ રહેશે કે વહીવટી માળખાને ફરીથી લોકભોગ્ય અને ગતિશીલ બનાવવું અને ગુજરાતમાં છેલ્લા બારેક વર્ષોનો મોદીનો વહીવટી અનુભવ અને તંત્ર પરની પક્કડથી એક વાત તો કહી શકાય કે નવી સરકારને ભલે વ્યવસ્થા સમજતા અને એને વ્યવસ્થિત ગોઠવવામાં વાર લાગી શકે છે પણ ચોક્કસપણે વહીવટીતંત્રને ફરી ધબકતું કરવામાં એ સફળ થશે જ. અને સંપૂર્ણ બહુમતી એમને એ કામમાં મદદ કરશે.

૨૦૧૪ના પરિણામો દ્વારા જાએ આર્થિક અને સામાજિક રીતે સારી જિંદગીની ઈચ્છા વ્યક્ત કરી છે. વર્ષોથી ચાલી આવતી રાજકીય ઓળખ અને જાતિવાદને મતપેટીઓ દ્વારા જાકરો આપેલ છે. દેશ, ધર્મ અને જાતીય ઓળખથી અળગા થઈને મળેલા આ જનાદેશની પૂર્તિ એ વાતથી થઈ શકે છે કે કદાચ પહેલી વાર કોંગ્રેસની વોટબેંક ગણાતી જ્ઞાતિઓએ અને દેશોએ પણ જાતીવાદના અને દેશવાદના રાજકારણથી ઉપર ઉઠીને પોતાનો મત વ્યક્ત કર્યો છે અને એક એવી સરકાર બનાવવામાં પોતાનો વિશ્વાસ મુક્યો છે જેની પાસેથી સામજિક અને આર્થિક ઉત્થાનની બહુ મોટી અપેક્ષાઓ છે. દેશમાં છેલ્લા થોડાક વર્ષોથી ફાલીફૂલી રહેલ કોમવાદ નામના કટ્ટર શત્રુને જાકોરો આપીને સામજિક સોહાર્દ અને સમાનતાની ભાવના વિકસાવવાનો અને સબ કા સાથ સબ કા વિકાસ ચરિતાર્થ કરવાનો આનાથી શ્રેષ્ઠ મોકો કોઈ નહિ હોઈ શકે. જા ઝંખે છે એક એવું ભારત કે જેમાં એ સામાજિક અને આર્થિક દ્રષ્ટીએ બહેતર જીવન જીવી શકે. જયાં સામાજિક તાણાવાણાઓ મજબુત હોય, આર્થિક ગતિની તકો હોય. છેલ્લા થોડા વર્ષોથી દેશની અને સાથે સાથે નાગરિકોની આર્થિક ગતી અટકેલી પડી છે . અસંખ્ય ગોટાળાઓ, બેફામ ભ્રષ્ટાચાર અને પગલા લેવાની નૈતિક તાકાતના અભાવના પાપે આર્થિક સધ્ધરતા લગભગ તળિયે પહોચેલી છે. નવી સરકાર પર આર્થિક ઉન્નતિને ટોચે પહોચાડવાની જવાબદારી અગ્રૂશ્થ રહેશે. અને આ ત્યારે જ શક્ય બનશે જયારે આવનારા થોડા વર્ષોમાં સુચારુ અને યોગ્ય સામજિક અને આર્થિક નીતિઓનું ઘડતર થાય . જો કે આ દેખાય છે એટલું સહેલું પણ નથી. આપણા મનમોહનસિંહ ખર અર્થશાસ્ત્રી છે છતાં પણ એમણે કબુલ કરવું પડેલું કે આર્થિક મામલાઓમાં હું નાપાસ થયો છું. પણ નરેન્દ્ર મોદી કોઈ અર્થશાસ્ત્રી નથી છતાં પણ એમણે ગુજરાતને જે નવી આર્થિક ઉંચાઈઓ એ પહોચાડ્યું છે એ જોતા એમની પાસેથી જાની અપેક્ષાઓ સ્વાભાવિકપણે ઉચી જ રહેશે. મોદીનું પાર્ટી પર એકચક્રી ભુત્વ અને સંપૂર્ણ બહુમતીને ધ્યાનમાં લેતા આવનારા દિવસોમાં આર્થિક સધ્ધરતા માટે ઉઠાવવા પડતા આકરા થી આકરા કદમો નવી સરકારે ઉઠાવવા પડશે.

મોદી સરકાર ના પગરણ હજુ તો પડ્યા નથી ત્યાં તો એના પડઘા પાડવા મંડ્યા છે એ સારી વાત છે. દેશ આખોયે ઉમ્મીદ લગાવીને બેઠો છે. ચિદમ્બરમ જેવા લોકો ભલે ને મોદી જીડીપી ૧૦ કરી બતાવે એવા નિવેદનો કરતા ફરતા હોય પણ હકીકત એ છે કે દેશની જનતાને જીડીપી નહિ પણ સાંજ પડ્યે થાળીમાં આવતા ભોજન માં કેટલો વધારો થયો એમાં વધુ રસ હોય છે. મોદી જીડીપી નું જે કરે એ પણ એમણે સરકારી ગોદામોમાં સંઘરેલા કે પછી મને કમને છૂટતા અનાજોને આ થાળીઓ સુધી પહોચાડ્યે જ છૂટકો છે. બાબુશાહી અને નેતાગીરીના ઉંદરડાઓ મગફળી ફોલી ફોલીને દાણા ખાઈ જાય અને ફોતરા ફોતરા જાના ભાગે નાં આવે એવું તંત્ર ગોઠવવું એ જ જીડીપીના સાચા ગ્રોથ સમાન છે ને હવે તો વિરોધ પણ કોણ કરવાનું છે ? મહત્તમ યુવાનોએ એ આશાએ મત આપ્યા છે કે હવેથી એમણે લાખો રૂપિયા ખર્ચીને વિદેશોમાં શિક્ષણ લેવા નહિ જવું પડે. કેસરિયા ટોપી પહેરીને મોદીની સભાઓમાં ઉત્સાહથી ભાગ લીધેલા આ કરોડો યુવાનોને દેશમાં જ યોગ્ય અને પરવડે એવું શિક્ષણ મળી રહે એ જોવાની મોટી જવાબદારી મોદીએ નિભાવવાની છે. સ્વીસ બેંકમાં પડેલા નાણાઓ વહેલા મોડા ઘરભેગા થાય તો ચાલશે પણ દેશને કોરીને ખાઈ ગયેલા કે હજુ પણ ખાઈ શકે એવા રાજાઓ, કલમાડીઓ કે યેદુરપ્પાઓને અટકાવવાનો કે કાયદામાં લાવવાનો ગંભીર યાસ કરવો જરૂરી બનશે . યુપીએ સરકારે વારસામાં ઓલમોસ્ટ ખાલી તિજોરી જ આપી છે અને લટકામાં આપ્યા છે અનેક આર્થિક કૌભાંડો કે જેની ગુંચ ઉકેલતા ઉકેલતા ભલભલા ઉકલી જાય એમ છે એવી હાલક ડોલક અને ખાલીખમ્મ તિજોરીમાં લક્ષ્મીદેવીનો વાસ કરવાનો ખર ઉદ્યમ મોદીએ ડે વનથી શરુ કરી દેવો પડશે.

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

વાર તહેવારે દેશમાં ધમાકા કરી જતા નાપાક તત્વોને પાઠ ભણાવવાનો સમય આવી ગયો છે . દેશે નિર્માલ્ય સરકારને લીધે પાડોશી ઉંદરડા ઓનો ત્રાસ બહુ સહન કર્યો હવે જનતા ઝંખે છે કે પાકિસ્તાનને એની જ ભાષામાં જવાબ મળે અને મોદી એવો જવાબ આપવા સક્ષમ છે એમ ધારીને તો એમને સિંહાસને બેસાડ્યા છે. વાઘા બોર્ડર પર પાકિસ્તાની રેન્જરની આંખમાં આંખ પરોવીને લલકાર કરતા આપણા શુરવીર સૈનિકોની આંખ રાષ્ટ્રભક્તિથી વધુ લાલઘુમ થાય અને એના તાપે ક્યાય પણ કોઈ બોર્ડર પર ભારતના સપૂતોના માથા વાઢવાની ગુસ્તાખી પાકિસ્તાન કે કોઈ બીજા દેશ નાં કરે એટલી કરડાકી અને ધાક મોદીએ અચૂક રાખવી પડશે. નવાઝ શરીફને સાર્ક દેશોના વડાને બહાને આમંત્રણ આપીને ચેક મેટ કરવાની શરૂઆત તો થઈ ચુકી છે. પાકિસ્તાન સુપેરે જાણે છે કે મોદી એ વાજપાઈ નથી જ અને પાકિસ્તાનને સમય આવ્યે પાઠ ભણાવવાની લોકોની ભાવના લઈને મોદી આવ્યા છે તો એ તો આવનારો સમય જ કહેશે કે પાકિસ્તાનનું વલણ અને મોદીની ત્રાસવાદ વિરોધી નીતિઓ કેવી રહે છે પણ મોદીના આગમન માત્રથી પાકિસ્તાન અને અરાજકતા તરફી તત્વોમાં એક છુપ્પો થડકાર તો આવી જ ગયો છે. અમેરિકા મોદીને વિસા આપે કે નાં આપે એનો જનમત નથી મળ્યો પણ જનમત એનો મળ્યો છે કે અમેરિકા ભારત વિરુદ્ધની કોઈ વૃત્તિને અમેરિકા ટેકો નાં આપે કે છાવરે નહિ. વિશ્વની રાજકીય સ્થિતિ બહુ ઝડપથી બદલતી હોય છે અને જે તે દેશની વિદેશનીતિ એ દેશ પાસે કેટલો સક્ષમ નેતા છે એના પર નિર્ભર હોય છે. વિશ્વના બહુધા દેશોએ મોદીને સક્ષમ નેતા તરીકે સ્વીકાર્યા છે ત્યારે મોદીએ પણ અમેરિકાને ફક્ત વિઝાની દ્રષ્ટીએ ના જોતા દેશના સાર્વભોમત્વને અખંડ રાખવાના કાર્યમાં એક સાથી તરીકે જોવું પડશે. સમગ્ર વિશ્વને એક સંદેશ પહોચાડવો જરૂરી બનશે કે ભારતમાં એક એવી સરકાર આવી છે જેને મન ઈન્ડિયા ફર્સ્ટ છે. ભારતનું અને ભારતીયનું સ્વાભિમાન તળિયેથી ઉપર ઉઠાવવાનું છે . સમગ્ર વિશ્વમાં પડેલી ભારતની નકારાત્મક છબીને બદલવાનું છે. મોદી પર ચીન અને જાપાનની ગતિનો ઘેરો ભાવ છે કમ સે કમ એ દ્રષ્ટીએ પણ બંને દેશો સાથેના વેપારને વેગ મળશે પણ ચોક્કસપણે એ દેશની ઉત્પાદકતાના ભોગે તો નહિ જ હોય. ચીન કે અમેરિકા જેવા દેશો મોદીની વ્યાપાર નીતિની તીક્ષા કરી રહ્યા છે અને દેશના કરોડો લોકોને આશા છે કે મોદી સરકાર સ્થાનીય ઉત્પાદકોના ભોગે વિદેશી માર્કેટને લાભ નહિ જ કરવા દે.

ચુંટણીના પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે જનતાએ વિકાસ અને સુશાશનને આવકાર આપ્યો છે. વિપક્ષોએ ભલે ને ચારમાં કાગારોળ કરી મૂકી કે - ગુજરાત મોડેલ આખાયે દેશમાં લાગુ નાં પાડી શકાય પણ જનતાને તો ગુજરાત મોડેલમાં જ વિશ્વાસ હતો ને એટલે તો અનેક કારના કુચારને અવગણીને પણ જનતાએ મોદી સરકારને સિંહાસન પર બેસાડી જ દીધી. હવે મોદીએ બતાવી